મહાનગરપાલિકા/નગરપાલિકા/શહેરી વિકાસ
સત્તામંડળોમાં વીજ થાંભલા અને વીજ
વિતરણ લાઈનો ખસેડવા/બદલવાની
યોજનામાં ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ કરવા
બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૫-૫૯૯-ક૧,
સચિવાલય,ગાંધીનગર
તારીખ: [illegible]

**<u>વંચાણે લીધા:</u>**

(૧) ઉપેવિ નો ઠરાવ ક્ર: જીયુવી/૨૦૧૫/૫૯૯/ક૧ તા. ૧૭/૦૬/૨૦૧૫
(૨) ઉપેવિ નો ઠરાવ ક્ર: જીયુવી/૨૦૧૫/૫૯૯/ક૧ તા. ૨૯/૧૨/૨૦૧૫
(૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. નો પત્ર ક્રમાંક: GUVNL/Tech-1/2553, તા. ૦૪/૦૧/૨૦૧૭

**<u>પ્રસ્તાવના:</u>**

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઉપર્યુક્ત વંચાણે લીધેલા ક્રમાંક-૧ અને ૨ પરના ના ઠરાવોથી રાજ્યના સર્વસમાવેશક (Inclusive) વિકાસ ના ધ્યેયને દ્રષ્ટિ સમક્ષ રાખી રાજ્યના તમામ નગરો પણ વિકાસ અને "ગતિશીલ ગુજરાત" ના ખ્યાલ (concept) ની અનુભૂતિ કરે અને સમગ્રતયા શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને તેમના વિકાસ કાર્યોમાં સહાયરૂપ થવાના હેતુથી રાજ્યમાં મહાનગરપાલિકા, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળોના વિસ્તારોમાં જાહેર માર્ગો અને શેરીઓમાં અડચણરૂપ વીજ થાંભલાઓ (Poles) તથા વીજ વિતરણ લાઈનો ખસેડવા/ સ્થળાંતર કરવાની કામગીરી વિના મૂલ્યે હાથ ધરવાની અને તે પેટે થનાર ખર્ચની રકમ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ/વીજ વિતરણ કંપનીઓને રાજ્ય સરકાર દ્વારા શેરમૂડી ફાળા સ્વરૂપે ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તદ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ થી રાજ્યભરમાં આ યોજના અમલમાં મૂકી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ/વીજ વિતરણ કંપનીઓ દ્વારા હાથ ધરાનાર કામગીરી પેટે થનાર ખર્ચ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ નાં અંદાજપત્રમાં રૂ.૧૦૦.૦૦ કરોડની અંદાજપત્રીય જોગવાઈ પણ શેરમૂડી ફાળા રૂપે કરવામાં આવેલ છે. સદર યોજનાનું કાર્યક્ષેત્ર વધારવા માટે રાજ્યની મહાનગરપાલિકાઓ,નગરપાલિકાઓ, અને શહેરી વિકાસ સત્તા મંડળોના વિસ્તારો ઉપરાંત રાજ્યના તમામ ગ્રામ્ય વિસ્તારો સદર યોજનામાં આવરી લેવાની જરૂરિયાત રહે છે, કારણ કે ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના કામો માટે ઘણી જરૂરિયાત અને અવકાશ રહેતો હોઈ, રાજ્યના

તમામ ગ્રામ્ય વિસ્તારોને પણ આ યોજનામાં સમાવેશ કરવા માટેની મંજૂરી માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ એ ઉક્ત વંચાણે લીધેલા ક્રમાંક-૩ પરનાં પત્રથી દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>સુધારા ઠરાવ:</u>**

"મહાનગરપાલિકા, નગરપાલિકા અને શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તારોમાં અંતરાયરૂપ જણાતા વીજ થાંભલા અને વીજ વિતરણ લાઈનો ખસેડવા / બદલવાની યોજના" ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક:૧ અને ૨ પરના ઠરાવોથી અમલી બનેલ છે. તેમાં મહાનગરપાલિકા/નગરપાલિકા/શહેરી વિકાસ સત્તા મંડળોનાં કાર્યક્ષેત્ર/વિસ્તાર ઉપરાંત રાજ્યના તમામ ગ્રામ્ય વિસ્તારોનો પણ સમાવેશ કરવાનું રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે.

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૧ અને ૨ પરના ઠરાવમાં નિર્દિષ્ટ થયેલ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ.સી.પટેલ)
નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રી(રાજ્યકક્ષા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. સંસદીય સચિવશ્રીઓનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્યસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્યસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પાછળ..

- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક્ષક ઇજનેરશ્રી (ટેકનિકલ), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ ના. સે. અધિ. અંગત ફાઇલ